# સરકારી ઇજનેરી કોલેજ,કતપુર , પાટણ

## કુમાર અને કન્યા છાત્રાલય કોન્ટ્રાકટ (૨૦૧૧-૨૨) માટે નું ટેન્ડર ફોર્મ

## એજંસી એ ધ્યાનમા રાખવાની અગત્યની માહિતી

| | |
|---|---|
| ટેન્ડર આમંત્રિત કરનાર : | આચાર્ય શ્રીની કચેરી<br>સરકારી ઈજ્નેરીએ કોલેજ, કતપુર, પાટણ-૩૮૪૨૬૫<br>ફોન ૨૯૭૭૩૫-૦૨૭૬૬ :<br>Email: principalgecpatan@gmail.com<br>Website: www.gecpt.cteguj.in |
| વેબ સાઈટ પર બ્લેંક ટેન્ડર ફોર્મ ઉપ્લબ્ધ રહેશે | સરકારી ઈજ્નેરીએ કોલેજ, કતપુર, પાટણ ની વેબ સાઈટ<br>www.gecpt.cteguj.in માં ડાઉનલોડ ઓપ્શન્માં બ્લેંક ટેન્ડર ફોર્મ તા.૦૧/૧૨/૨૦૨૧ થી ૧૦/૧૨/૨૦૨૧ સુધી ઉપ્લબ્ધ રહેશે . |
| કોરા ભાવપત્રક ભરી રજિસ્ટ્રડ એટપાલ .ડી.એ / .ડી. રૂબરૂ માં સીલબંધ કવરમાં પરત કરવાનુ /મારફતે સ્થળ અને સમય | સરકારી ઈજનેરી કોલેજ, વહીવટી કાર્યાલય, કતપુર, પાટણ<br>તા. ૧૭/૧૨/૨૦૨૧ સાંજે પાંચ સુધી |
| ટેન્ડર ફોર્મ ફી ની રકમ | કોઇ ટેંડર ફી નથી |
| અર્નેસ્ટ મની ડીપોઝીટ ની રકમ | આચાર્યશ્રી, સરકારી ઇજનેરી કોલેજ, પાટણ ના નામનો રાષ્ટ્રીયકૃત બેંકનો રુપીયા ૧,૦૦૦/- નો ડી.ડી. (શરતી પરત મળવા પાત્ર) ડી.ડી. ટેંડર ફોર્મ સાથે જમા કરાવવાનો રહેશે. ડી.ડી. વગરનો ટેંન્ડર ફોર્મ માન્ય ગણવામાંઆવશે નહી. |
| ભાવપત્રક ખોલવાની તારીખ તથા સ્થળ | આચાર્ય શ્રીની કચેરી<br>સરકારી ઈજ્નેરીએ કોલેજ, કતપુર, પાટણ<br>૨૦/૧૨/૨૦૨૧ , બપોરે ૩:૦૦ કલાકે |
| ટેન્ડર ફોર્મ સાથે કુલ બે સીલબંધ કવર આચાર્યશ્રીની કચેરી ,જસરકારી ઇજનેરી કોલે , પાટણના ને મળી જાય તે રીતે સીલબંધ કવરમાં રજી. એ. ડી. ટપાલ/ કુરિયર થી /રૂબરૂ માં મોકલી આપવાના રહેશે. | કવર ૧ મા ભાગ-૧ પ્રમાણે લાયકાત ફોર્મ, શરતો માન્ય હોવાનુ પત્રક, રુપિયા ૧,૦૦૦/- નો અર્નેસ્ટ મની ડીપોઝીટનો રાષ્ટ્રીયકૃત બેંકનો ડી.ડી. (શરતી રિફંડેબલ), , બાંહેધરીપત્રક, જરુરી લાયસન્સ તથા જરુરી પ્રમાણપત્રોની પ્રમાણીત નકલ સામેલ કરવી. કવર ૨ માં ભાગ-૨ પ્રમાણે ભાવપત્રક સામેલ કરવુ. બંને કવર પર કેન્ટીન કોન્ટ્રાકટ અંગેનું ટેન્ડર (૨૦૨૧-૨૨ ) તથા પાર્ટીનું નામ દર્શાવવું. |

# સંમતિપત્ર

તારીખ:    /   /૨૦૨૧

પ્રતિ,

આચાર્યશ્રી,

સરકારી ઇજનેરી કોલેજ ,પાટણ

મું. કતપુર, તા. & જી. પાટણ (ઉ.ગુ.)-૩૮૪૨૬૫

શ્રીમાન,

આથી  સરકારી ઇજનેરી કોલેજ ખાતે **કુમાર અને કન્યાછાત્રાલય માટે ભોજનાલય ચલાવવા વાર્ષિક કોંન્ટ્રાક્ટ** માટે અમારા ભાવ આ સાથે મોક્લીએ છીએ. આ કામ માટેની બધી શરતો અને વર્ણન વિગતવાર વાંચ્યા છે. અને તમામ શરતો તથા અર્થઘટન માટેની કોલેજએ શરતોમાં અપનાવેલ સર્વે શરતો કબુલ મંજૂર છે. અમોને જો કામ આપવામાં આવશે તો, તે શરતોનો કોઇપણ જાતનો ભંગ થશે તો અમો જવાબદાર રહીશું તથા કોલેજ તે અંગે નુક્શાનની જે રકમ નક્કી કરશે તે ભરપાઇ કરી આપીશું તેની બાંહેધરી આપવામાં આવે છે.

**કોંન્ટ્રાક્ટરની સહી**

----------------------------------------------

સ્થળ:

તારીખ:   /   /

નામ તથા ---------------------------------------------

સરનામું ---------------------------------------------------

---------------------------------------------------

---------------------------------------------------

ફોન નં (મો) ---------------------------------------------

(ઓ) ---------------------------------------------

(ઘર) ---------------------------------------------

# સરકારી ઇજનેરી કોલેજ પાટણ, મુ. ક્તપુર, પાટણ

## સરકારી ઇજનેરી કોલેજ, પાટણ  માટે કેન્ટીન ચલાવવા માટે શરતો (૨૦૨૧-૨૨)

## ( આ શરતો માન્ય હોવાનુ દરેક પાના પર સહી કરી કવર ૧ મા સામેલ કરવાનુ રહેશે)

ભાવ ભરેલ ભાવ પત્રકના ટેન્ડર ફોર્મ સંપૂર્ણ વિગતો સાથે આચાર્યશ્રીની કચેરી, સરકારી ઇજનેરી કોલેજ, પાટણના ને મળી જાય તે રીતે સીલબંધ કવરમાં રજી. એ. ડી. ટપાલ/ કુરિયર થી /રૂબરૂ માં  મોકલી આપવાના રહેશે. નિયત તારીખ અને સમય બાદ મળેલ ટેન્ડર રદબાતલ ગણાશે. કવર ૧ મા  ભાગ-૧ પ્રમાણે લાયકાત ફોર્મ, શરતો માન્ય હોવાનુ પત્રક, રુપિયા ૧,000/- નો અર્નેસ્ટ મની ડીપોઝીટનો રાષ્ટ્રીયકૃત બેંકનો ડી.ડી. (શરતી રિફંડેબલ), , બાંહેધરીપત્રક, જરૂરી લાયસન્સ તથા જરુરી પ્રમાણપત્રોની પ્રમાણીત નકલ સામેલ કરવી. કવર 2 માં ભાગ-૨ પ્રમાણે ભાવપત્રક સામેલ કરવુ.  બંને કવર પર કેન્ટીન કોન્ટ્રાકટ અંગેનું ટેન્ડર (૨૦૨૧-૨૨ ) તથા પાર્ટીનું નામ દર્શાવવું.

કુમાર અને કન્યા છાત્રાલય માટે ભોજનાલય ચલાવવા વાર્ષિક કોંન્ટ્રાક્ટ ની સામાન્ય શરતો

૧. કોંન્ટ્રાક્ટરે નિયત નમૂનામાં ટેંન્ડર ફોર્મે સાથે અનૅસ્ટ્મની ડિપોઝીટ પેટે રૂપિયા ૧,000/- નો ડીમાન્ડ ડ્રાફટ આચાર્યશ્રી, સરકારી ઇજનેરી કોલેજ, પાટણ ના નામનો જોડવાનો રહેશે. અનૅસ્ટ્મની ડિપોઝીટ પેટે આપેલ ડીમાન્ડ ડ્રાફટ ટેંન્ડર ન મળેલ કોંન્ટ્રાક્ટર ને પરત કરવામા આવશે. જો કોંન્ટ્રાક્ટરનુ ટેંન્ડર મંજૂર થાય અને તે સ્વીકારવાની ના પાડે તો અનૅસ્ટ્મની ડિપોઝીટ પેટે આપેલ ડીમાન્ડ ડ્રાફટ પરત મળશે નહી અને સરકારશ્રી ખાતે જમા કરવામા આવશે.

૨. ટેંન્ડર ફોર્મે સુવાચ્ય અક્ષરોએ માંગેલી સંપૂર્ણે વિગતો સાથે આપવાનુ રહેશે. અધુરા ટેંન્ડર ફોર્મે રદ થવાને પાત્ર રહેશે. નિયત સમય મર્યાદા કરતાં મોડા આવેલ ટેંન્ડર ફોર્મે આપોઆપ રદ ગણશે.

3 કોંન્ટ્રાક્ટરે ટેંન્ડર ફોર્મે સાથે તેઓના ફર્મેની જરૂરી માહિતી જેવી કે ફર્મે, રજીસ્ટ્રેશન, સેલ્સ ટેક્ષ, સર્વિસ ટેક્ષ, રજીસ્ટ્રેશન, કેટરીંગ કોંન્ટ્રાક્ટરનુ લાયસન્સ વગેરે જેવા સટીફિકેટ્ની ખરી નક્લ બીડવાની રહેશે.

૪ જો કોંન્ટ્રાક્ટરનુ ટેંન્ડર મંજૂર થાય તેણે અર્નેસ્ટ મની ડિપોઝીટ ઉપરાંત સીક્યોરીટી ડિપોઝીટ  પેટે રૂ. ૨૦,000/- ની એફ.ડી.અર. આચાર્યશ્રી સરકારી ઇજનેરી કોલેજ પાટણ ના નામની રાષ્ટ્રી યકૃત બેન્કની વર્ક ઓર્ડર મળ્યેથી અથવા દિન-૭ માં ભરવાની  રહેશે. આ કુલ રૂપિયા ૨૧,000/- ની ડિપોઝીટ  કોંન્ટેક્ટ સમય માટે કોલેજ પાસે સીક્યુરીટી ડિપોઝીટ તરીકે રહેશે. જો નિયત સમય મર્યાદામા સીકયુરીટી ડીપોઝીટ ની રકમ જમા કરવામા ન આવે તે સંજોગોમા બાનાની રકમ જપ્ત કરી , ઓર્ડર રદ કરી પછીના લાયક ઠેકેદાર ને ઓર્ડર આપવામા આવશે. સીકયુરીટી ડીપોઝીટની રકમ કરારની મુદત પુર્ણ થયાના બે માસ બાદ કામગીરી સંતોષ કારક જણાશે અને બિલ સરભર થયે એજંસીને પરત ચુકવવામા આવશે. સીકયુરીટી ડીપોઝીટની રકમ પર કોઇ પણ પ્રકારનુ વ્યાજ મળવા પાત્ર થશે નહી

૫ જેઓનું ટેંન્ડર મંજૂર થશે નહીં તેઓની અનૅસ્ટ મની ડિપોઝીટ પરત કરવામાં આવશે.

૬ મંજૂર થયેલ ટેંન્ડરમાં ભરેલા ભાવોએ કોંન્ટ્રાક્ટર એક વર્ષે માટે ભોજનાલય ચલાવવા બંધાયેલ રહેશે અને ત્યારબાદ જો કોલેજ ઇચ્છશે તો આ કોંન્ટ્રાક્ટ વધુ એક વર્ષે માટે લંબાવી શકશે. આ માટે ટેંન્ડરમાં ભરેલા ભાવોએ કામ કરવા કોંન્ટ્રાક્ટર બંધાયેલ રહેશે અને વધારાના એક વર્ષે માટે કોઇપણ જાતનો ભાવ વધારો આપવામાં આવશે નહી.

૭ ભોજનાલય માટે કોલેજ તરફથી જરૂરી મકાન તથા ભોજ્નાલયના ડાયનીંગ ટેબલ અને ખુરશી તથા લાઇટ, પાણી, ગટર લાઇન વ્યવસ્થા આપવામાં આવશે. તે સિવાય જરૂરી સઘળી વ્યવસ્થા જેવી કે ગેસ ક્નેક્શન, રસોઇ, સાધનો, વાસણો, સગડા

તથા થાળી-વાટકા, ગ્લાસ, ચમચી જેવા જરૂરી વાસણો તથા સીધું સામગ્રી ભરવના જરૂરી સાધનો કોંન્ટ્રાક્ટરે પોતાના લાવવના રહેશે.

૮ ગેસ ક્નેક્શન તથા ગેસ ના બાટલા ભરાવવાનો ખર્ચ કોંન્ટ્રાક્ટરે કરવાનો રહેશે.

૯ કોલેજ દ્વારા પુરી પાડેલ સાધન સામગ્રી ફનિચર તથા મકાનને સંપૂર્ણ રીતે સ્વચ્છ રાખી જાળવણી કરવાની જવાબદરી કોંન્ટ્રાક્ટરની રહેશે. તેમા કોઇપણ પ્રકારની તૂટ-ફૂટ કે ભાંગ-તોડ થશે તો કોંન્ટ્રાક્ટરે પોતાના ખર્ચે દુરસ્ત કરાવવના રહેશે અને કોલેજએ આ સઘળિ મિલ્કત જે હાલતમાં આપી હશે તે તે જ હાલત માં કોંન્ટ્રાક્ટ પુરો થયે કોલેજ ને તે પરત સોપવાની રહેશે.

૧૦ કોંન્ટ્રાક્ટ પુરો થયે મિલ્કત પરત સોંપણી વખતે કોલેજ જે સૂચવે તે રીપેરીંગ કરી આપવાની જવાબદરી કોંન્ટ્રાક્ટરની રહેશે. અન્યથા તેનું રીપેરીંગ- મરામત કોલેજ જાતે કરાવી તેની ખર્ચની વસુલાત કોંન્ટ્રાક્ટરની ડિપોઝીટમાંથી કરાશે. જે કોંન્ટ્રાક્ટરને બંધનકર્તા રહેશે.

૧૧ સદર કોંન્ટ્રાક્ટર સામાન્ય રીતે એક વર્ષના નિયત સમય માટે છે તેમ છતાં કોંન્ટ્રાક્ટર દ્વારા કોંન્ટ્રાક્ટરની કોઇપણ શરતોનો ભંગ થયેલ જણાશે અથવા કોલેજ કોંન્ટ્રાક્ટ સમાપ્ત કરવા ઇચ્છશે તો તે સંબંધી નોટીસ એક માસ અગાઉ આપવાની રહેશે. તે જ રીતે કોંન્ટ્રાક્ટર સમય મર્યાદા પહેલા કોંન્ટ્રાક્ટ પૂર્ણ કરવા ઇચ્છશે તો તેઓએ પણ કોલેજને એક માસ અગાઉ જાણ કરવાની રહેશે અને સમય મર્યાદા પહેલા કોંન્ટ્રાક્ટ પૂર્ણ કરવાના કિસ્સામાં તેઓની ભરેલી ડિપોઝીટ જપ્ત થશે.

૧૨ ભોજનાલય માટે જરૂરી સ્ટાફ કોંન્ટ્રાક્ટરે પોતાનો રાખવાનો રહેશે. રસોઇ સાથે સંક્ળાયેલ સ્ટાફ કોઇપણ રોગ કે ચેપીરોગથી પીડીત હોવો જોઇએ નહીં. વધુમાં મજૂર કાયદા અધિનિયમ અને સરકારશ્રીના વખતોવખતના સઘળા કાયદાઓ પાળવાના રહેશે. તેમજ હોસ્ટેલના વાતાવરણને અડચણરૂપ થાય તેવી કોઇ જ પ્રવૃતિ ન થાય તેનું ધ્યાન રાખવાનું રહેશે. આ અંગે કોંન્ટ્રાક્ટરે રેક્ટર તથા હોસ્ટેલના ગૃહપતિના સૂચનાનું સંપૂર્ણ પાલન કરવાનું રહેશે.

૧૩ કોંન્ટ્રાક્ટરે સામાન્ય રીતે દરેક પ્રકારની કામગીરી માટે હોસ્ટેલના રેક્ટર તથા ગૃહપતિ જે સૂચના આપે તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૪ હોસ્ટેલના રેકટરશ્રી અથવા ગૃહપતિ અથવા કોલેજનાં પ્રતિનિધિ કે તકેદારી અધિકારી દ્વારા કોઇપણ સમયે ઓચિંતી ચકાસણી કરવામાં આવે ત્યારે કોંન્ટ્રાક્ટરે સંપૂર્ણ સહયોગ આપવાનો રહેશે તથા તે અંગે કોલેજ તરફથી મળતી સૂચનાઓનું ચુસ્ત રીતે પાલન કરવાનું રહેશે.

૧૫ કોંન્ટ્રાક્ટરે સારી ગુણવતાનું જ ભોજન આપવાનું રહેશે તથા તે માટે વાપરવાનો સામાન કરીયાણું અને અન્ય ચીજવસ્તુઓ સારી ગુણવતાની અને સ્ટાન્ડર્ડ મેઇકની બાન્ડેડ જ વાપરવાની રહેશે. તે માટે રેકટરશ્રી કે ગૃહપતિ જે સૂચના આપે તેનો અમલ કરવાનો રહેશે. જો ભોજનની ગુણવત્તા ખરાબ જણાશે તો કોંન્ટ્રાક્ટ રદ કરવામાં આવશે, અને તે કિસ્સામાં તેઓની ભરેલી ડિપોઝીટ જપ્ત થશે.

૧૬ ભોજનમાં કોંન્ટ્રાક્ટરે બ્રાન્ડેડ કપાસીયા તેલ/સીંગતેલ, ઘી, તથા દાળ-ચોખા અને મસાલા એગમાર્ક આઇ.એસ.ઓ. સ્ટાન્ડર્ડના જ વાપરવના રહેશે.

૧૭ કોંન્ટ્રાક્ટરે નીચે મુજબની ભોજન વ્યવસ્થા પૂરી પાડવાની રહેશે.

| | |
|---|---|
| સવારે | સમય: ૭:૦૦ થી ૯:૦૦ કલાક |
| | ચા, કોફી અને નાસ્તો (દરરોજ) |
| | અઠવાડિયામાં નીચેનામાંથી દરરોજ અલગ-અલગ કોઇ પણ એક નાસ્તો પસંદ કરવો.<br>૧. પૌંઆ ૨. આલુ પરોઠા<br>૩. થેપલા ૪. ઉપમા<br>૫. પાપડી/ગાંઠિયા (પેકેટ) ૬. ખરી/બિસ્કિટ/ટોસ<br>૭. ફરસાણ પૂરી ૮. મસાલા ચણા(બાફેલા)<br>૯. મેંદુવાડા ૧૦. નુડલ્સ |
| બપોરનું ભોજન | સમય: ૧૧:૦૦ થી ૨:૦૦ કલાક |
| | દરરોજ રોટલી, દાળ, લીલું શાક, કઠોળ, ભાત, પંજાબી દાળ,<br>(દર ગુરુવારે બપોરે ચેઈન્જમાં કઢી, ભાત, રોટલી, લીલું શાક, મગની છૂટી દાળ) |
| | દરરોજ કચુંબર, ગોળ અને આચાર. (અઠવાડિયામાં કોઈપણ બે દિવસ કંચુબરની જગ્યાએ ભૂંગળા આપવા)<br>નોંધ: કંચુબર ગાજર, ટામેટાં, ડુંગળી, કાકડી, કોબીજ, બીટ વગેરેમાંથી બનાવી શકાય. |
| | વિધ્યાર્થીઓની જરૂરિયાત મુજબ મહિનામાં કોઈપણ બે દિવસ નીચે પ્રમાણેનું ભોજન રાખવું.<br>૧.સ્વીટ (સીઝનેબલ): દૂધ પાક, રસ, શીખંડ, મગની દાળનો શીરો, ગુલાબજાંબુ, માવાની મીઠાઇ, ફ્રૂટ સલાડ, જલેબી, લાડુ, હલવા વગેરે માંથી કોઇ એક.<br>૨. ફરસાણ: ક્ટલેસ, ઇદડા, સમોસા, મીક્સ ગોટા, ખમણ, ટીકડી પાત્રા, સેન્ડવિચ ઢોકળા વગેરે માંથી કોઇ એક.<br>૩. પુરી/ પરોઠા, મીક્સ શાક, કઠોળ, દાળભાત અથવા કઢીભાત<br>૪. કચુંબર, ભૂંગળા, અચાર |
| સાંજનું ભોજન | સમય: ૦૬:૩૦ થી ૦૮:૩૦ કલાક |
| | ૧. ભાખરી, શાક, ખીચડી, મીઠી કઢી (અઠવાડીયા માં એક દિવસ)<br>૨. પરોઠા, શાક, દહી, કચુંબર, ચટણી (અઠવાડીયામાં એક દિવસ)<br>૩. દાલ- બાટી, લસણ ચટણી, છાશ, કચુંબર, લીંબુ, પાપડ (અઠવાડીયા માં એક દિવસ)<br>૪. છોલે પુરી, છાસ, તળેલા મરચા (અઠવાડીયા માં એક દિવસ)<br>૫. અઠવાડીયામાં ત્રણ દિવસ ચેઇન્જ આપવો અને નીચેનામાથી પસંદ કરવું.<br>અ. પુરી, શાક, પુલાવ, કઢી<br>બ. પાંઉ- ભાજી, છાશ, કચુંબર, લીંબુ<br>ક. ઇડલી-સંભાર, ચટણી<br>ડ. રોટલી શાક દાળ ફ્રાય જીરા રાઈસ<br>ઇ. વિધાર્થીઓની જરૂરિયાત મુજબ<br><br>નોંધ: છાસ પેકેટ વાળી આપવાની રહેશે. |

૧૮. હોસ્ટેલમાં ભોજન લેતા વિધાર્થી ને નિયમાનુસાર મહિનામાં આઠ દિવસના ભોજનના આખા કટ આપવાના રહેશે. હોસ્ટેલમાં ભોજન લેતા વિધાર્થીઓનું કૉન્ટ્રાક્ટરે ફરજિયાત મસ્ટર નિભાવવાનું રહેશે. ફાઇનલ યર માં ભણતા વિદ્યાર્થીઓ ને આઠમા સેમેસ્ટર માં છૂટક પૈસા આપીને જમવાની છૂટ રહેશે.

૧૯. વિધાર્થી/વિધાર્થીનીઓનું ભોજન બીલ દરમહિને ઉઘરાવવાની તથા હિસાબ નીભાવવાની સંપૂર્ણ જવાબદારી કૉન્ટ્રાક્ટરેની રહેશે. કૉન્ટ્રાક્ટરે બંને ભોજનાલયનું ભાડું દર મહિનાના પ્રથમ સપ્તાહમાં સરકારશ્રીમાં જમા કરાવવાનું રહેશે.

૨૦ કૉન્ટ્રાક્ટરે ટેંન્ડરમાં ભાવો તમામ પ્રકારના કરવેરા સહિતના ચુકવવા પાત્ર જ ભરવાના રહેશે. ભરેલ ભાવો પર કોઇપણ જાતનો વધારો વર્ષ દરમ્યાન આપવામાં આવશે નહીં.

૨૧ સદર ભાવોમાં સરકારશ્રીના ધારાધોરણ પ્રમાણેના તમામ કરવેરાઓ જેવાકે, સેલ્સ ટેક્ષ, સર્વિસ ટેક્ષ,વેટ વગેરેનો સમાવેશ કરીને જ આખરી ભાવો આપવાના રહેશે. ભરેલ ભાવો પર GST ચૂકવવામાં આવશે નહીં.

૨૨ ભોજનાલયમાં નોકરો તથા રસોઇયા પુખ્તવયના રાખવાનાં રહેશે. દરેક કર્મચારી પોતાની સ્વચ્છતા અંગે કાળજી રહેશે.

૨૩ ભોજનાલય અંગેના તમામ નિયમો અને હવે પછી કોલેજ તરફથી અવાર-નવાર થતાં નિયમોંના ફેરફારો કૉન્ટ્રાક્ટરને બંધનકર્તા રહેશે.

૨૪ કોઇપણ બાબતમાં વિવાદ થાય તો આચાર્યશ્રી ની લવાદી ફરજિયાત રહેશે અને તેમનો નિર્ણય અંતિમ ગણાશે.

૨૫ ભોજનાલયમાં ગુટખા, સિગારેટ, પાન-મસાલા જેવી અન્ય કેફી વસ્તુઓ રાખી શકશે નહીં અને તેનો ઉપયોગ કરનારને કોલેજના નિયમોનુસાર દંડ ભરવાનો રહેશે.

૨૬ ભોજનાલયમાં ફક્ત અધિકૃત (હોસ્ટેલમાં પ્રવેશ મેળવેલ) વિધાર્થીઓ જ ભોજન લઇ શકશે. અન્ય કોઇ વ્યક્તિ ભોજન લઈ શકશે નહીં. ઓળખ વિનાની/ઓળખ પત્ર વિનાની બહારની કોઇ અનઅધિકૃત વ્યક્તિ માટે ભોજન ખંડમા પ્રવેશ પ્રતિબંધિત છે.

૨૭ ધાર્મિક કારણોસર જે વિધાર્થી ઓ ડુંગળી- લસણ વાળુ ભોજન ન લેતો તેવા વિધાર્થી ઓ માટે કૉન્ટ્રાક્ટરે પોતાની રીતે વ્યવસ્થા પણ કરવાની રહેશે. તથા વિધાર્થી ની બિમારીના કોઇ કિસ્સામાં સાવચેતીરૂપે ભોજનમાં ફેરફારની વ્યવસ્થા પણ કરવાની રહેશે.

૨૮ ભોજન લેનાર વિધાર્થીઓની કમીટીનું સંતોષકારક ભોજન બાબતનું સટિફિકેટ કૉન્ટ્રાક્ટરે દર માસના અંતે ગૃહપિતાને ફરજીયાત આપવાનું રહેશે. વિધાર્થીઓની ભોજન કમીટી રોટેશન મુજબ ફેકલ્ટી વાઇઝ દર માસે રેકટરશ્રી અથવા ગૃહપિતા દ્વારા નકકી કરવામાં આવશે.

29. કૉંટ્રાક્ટરે કોવિડ ગાઈડલાઈન નુ ચુસ્તપણે પાલન કરવાનુ રહેશે.

૩૦. આ પ્રકારની કામગીરીનો ઓછામાં ઓછો બે વર્ષનો અનુભવ અને તેના પુરાવાનાં આધાર જરૂરી છે.

ઉપરની શરતો મેં/અમે વાંચી અને સમજીને આ ભાવપત્રક ભરેલ છે અને અમોને ક્બુલ / મંજૂર છે.

કૉન્ટ્રાક્ટરની સહી

સ્થળ: નામ -------------------------------------------

તારીખ: / / સરનામું ---------------------------------------------------

---------------------------------------------------

ફોન નં (મો) ----------------------------------------------

## <u>ભાગ -૧</u>

## <u>સરકારી ઇજનેરી કોલેજ ,પાટણ</u>

## કોલેજ કન્યા અને કુમાર છત્રાલયના કોન્ટ્રાકટ માટે નું લાયકાત ફોર્મ

## (કવર ૧ મા શામેલ કરવુ )

| | | | |
|---|---|---|---|
| (1 | અરજદાર એજન્સીનું નામ , સરનામુ , કોન્ટેક્ટ નમ્બર (નીચે લખવુ)<br><br>**સરનામાનો પુરાવો સામેલ કરવો** | અરજદાર નો પાસપોર્ટ સાઈઝ ફોટો | |
| (2 | અરજદારનો પાન કાર્ડ નંબર →<br>(પ્રમાણીત નકલ સામેલ કરવી) | | |
| (3 | અરજદારે તેઓની ફર્મની નોંધણી કરાવેલ છે? હા કે ના હોયતો તેનો નમ્બર, નોંધણી થયેલ હોય તે કચેરીનુ નામ **(પ્રમાણીત નકલ સામેલ કરવી)**:<br>આ પ્રકારની કામગીરીનો ઓછામાં ઓછો બે વર્ષનો અનુભવ અને તેના પુરાવાનાં આધાર | | |
| | જી.એસ.ટી રજીસ્ટ્રેશન નંબર .જો હોય તો | | |
| 4( | અર્નેસ્ટમની ડીપોઝીટ ના ડી ડી. :ની વિગત.→<br>અ) રકમ<br>બ) નમ્બર<br>ક) તારીખ<br>ડ)બેંક નુ નામ તથા સરનામુ<br>**ઓરિજીનલ ડી .ડી. સામેલ કરવો** | | |
| 5) | છાત્રાલય/ કેટરિંગસેવા આપેલ સંસ્થાનું નામ સરનામુ /ફુડ આઉટ્લેટની જ્ગ્યાનુ નામ સરનામુ | કરારનો/એસ્ટાબ્લીસ્મેન્ટ ચાલુ હોવાનો સમયગાળો તારીખ થી તારીખ | રોજ આશરે કેટલા વ્યક્તિને /કેટ્લી ડીશ કેટરીંગ આપ્યુ તેની સંખ્યા |
| | | | |

| | | | |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| **7** | અરજદારે નાણાકીય સંસ્થાના ડીફોલ્ટર નથી તેમજ પોલીસ/કોર્ટ રેકોર્ડ પર કેસ નથી,તે અંગેનું બાંહેધરીપત્ર સહી કરી સામેલ કરેલ છે ? હા કે ના | | |

છાત્રાલય ચલાવવા માટેની શરતો વાંચી કારી શરતવાળુ ફોર્મ સહી કરી સામેલસમજીને સ્વી-કરેલછે

સ્થળઃ - અરજદાર એજન્સીનું નામ......................................

તારીખઃ - ટેન્ડર ભરનારનું નામ...........................................

ટેન્ડર ભરનારની સહી............................................

સાક્ષી ની સહી

સાક્ષી નું નામ તથા સરનામું

નોંધ:

# બાહેંધરી પત્રક

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી ઇજ્નેરી કોલેજ – પાટણ

**સરકારી ઇજ્નેરી કોલેજ, પાટણ માટે કોલેજ કન્યા અને કુમાર છત્રાલયના કોન્ટ્રાકટ (૨૦૨૧-૨૨) માટે અરજી કરવા અન્વયે** આથી બાહેંધરી આપવામાં આવે છે કે અમો કોઇ પણ નાણાકીય સંસ્થા/બેંક ના ડીફોલ્ટર નથી. તેમજ અમારા ઉપર કોઇ પોલીસ/કોર્ટ કેસ થયેલ નથી. જે બાબતની અમે ખાત્રી આપીએ છીએ.

સ્થળઃ -
તારીખઃ -

અરજદાર એજન્સીનું નામ......................................
ટેન્ડર ભરનારનું નામ............................................
ટેન્ડર ભરનારની સહી..........................................

**સીલ**

સાક્ષી ની સહી

સાક્ષી નું નામ તથા સરનામું

## બાહેંધરી પત્રક પાર્ટીની ફર્મ નાં લેટર હેડ પર આપવું .

**ભાગ – ૨ (આ પત્રક સીલબંધ કવર નંબર ૨ માં બહાર ભાવપત્રક લખી સામેલ કરવું)**

**આ પત્રકમાં કોંટ્રાક્ટર શ્રી એ** વિધાર્થી દીઠ માસિક ચાર્જે **ની રકમ સ્પષ્ટ શબ્દોમાં વંચાય તે રીતે ભરવાની રહેશે. જે પાર્ટી સૌથી ઓછી** વિધાર્થી દીઠ માસિક ચાર્જે **ની રકમ (બે છત્રાલયની કુલ રકમ) પ્રતિ માસ ભરશે તે પાર્ટી ના ટેન્ડર ની લાયકાત ની શરત સંતોષતા ,ઉમેદવારને કોન્ટ્રાકટ આપવા વિચારણામા લેવામા આવશે. સૌથી ઓછી** વિધાર્થી દીઠ માસિક ચાર્જે **ની રકમ તરીકે બે છત્રાલયની કુલ રકમ ધ્યાનમા લેવાશે. મીનીમમ મસિક ભાડુ રુપિયા ૩૫૦૦/- ( બે છત્રાલયનુ કુલ મીનીમમ માસીક ભાડાની રકમ રૂપીયા ૭૦૦૦ છે.).** કોંન્ટ્રાક્ટરે **સારી ગુણવતાનું** જ ભોજન આપવાનું રહેશે તથા તે માટે વાપરવાનો સામાન કરીયાણું અને અન્ય ચીજવસ્તુઓ સારી ગુણવતાની અને સ્ટાન્ડર્ડ મેઇકની બાન્ડેડ જ વાપરવાની રહેશે. તે માટે રેકટરશ્રી કે ગૃહપતિ જે સૂચના આપે તેનો અમલ કરવાનો રહેશે. જો ભોજનની ગુણવત્તા ખરાબ જણાશે તો કોંન્ટ્રાક્ટ રદ કરવામાં આવશે, અને તે કિસ્સામાં તેઓની ભરેલી ડિપોઝીટ જપ્ત થશે.

**ભાવપત્રક કુમાર છાત્રાલય ( તમામ પ્રકાર ના વેરા સહિત )**

| ક્રમ | વિગત | કુમાર છાત્રાલય<br>(હાલ વિધાર્થીની સંખ્યા ૧૨૦ અથવા નીચેની **નોંધ ૨ પ્રમાણે** ૮૦ ) |
|---|---|---|
| ૧ | માસિક ચાર્જે (વિધાર્થી દીઠ રૂ.) | |
| ૨ | *ભોજનાલયનું ભાડું (રૂ.) | માસિક રૂપિયા ૩૫૦૦ /- ફિક્સ |

* ***ભોજનાલય દીઠ ઓછામાં ઓછું રૂ.૩૫૦૦/- ભાડું*** ફિક્સ ***રહેશે.***

**ભાવપત્રક કન્યા છાત્રાલય ( તમામ પ્રકાર ના વેરા સહિત )**

| ક્રમ | વિગત | કન્યા છાત્રાલય<br>(હાલ વિધાર્થીની સંખ્યા ૧૨૦ અથવા નીચેની **નોંધ ૨ પ્રમાણે** ૮૦ ) |
|---|---|---|
| ૧ | માસિક ચાર્જે (વિધાર્થી દીઠ રૂ.) | |
| ૨ | *ભોજનાલયનું ભાડું (રૂ.) | માસિક રૂપિયા ૩૫૦૦ /- ફિક્સ |

* ***ભોજનાલય દીઠ ઓછામાં ઓછું રૂ.૩૫૦૦/- ભાડું*** ફિક્સ ***રહેશે.***

**નોંધ:** ૧ કુમાર અને કન્યા છાત્રાલયમાં કુલ પ્રવેશ સંખ્યા :૧૨૦ + ૧૨૦ = ૨૪૦

**૨. હાલ કોરોના ની સ્થિતીને ધ્યાનમા લેતા સરકારશ્રીની ગાઈડલાઈન અનુસાર પ્રવેશ લેનાર વિધ્યાર્થી ની સંખ્યા ૮૦+૮૦=૧૬૦ રાખેલ છે**

ઉપર મુજબની તમામશરતો મને માન્ય છે અને આ શરતો સાથે છાત્રાલય સંચાલનનો કોંટ્રાકટ સ્વીકારીશ.

કોંટ્રાકટરશ્રી ની સહી